પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૯૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૧૨-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ભૂપેન્દ્ર પટેલને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવ્યા

## ટીમ ભૂપેન્દ્રમાં કુલ ૧૬ પ્રધાનો, ૮ કેબિનેટ, ૬ રાજ્યકક્ષા, ૨ને સ્વતંત્ર હવાલો, એક માત્ર મહિલાને સ્થાન, અગાઉના મંત્રીમંડળના ૧૨ મંત્રીઓ કપાયા






ગાંધીનગર,

ભારતીય જનતા પાર્ટીના નેતા ભૂપેન્દ્ર પટેલ આજે સતત બીજી ટર્મ માટે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતાં ગાંધીનગરમાં નવા સચિવાલય પાસેના હેલિપેડ ગ્રાઉન્ડમાં બપોરે ૨ વાગ્યે શપથ ગ્રહણ સમારોહ યોજોયો હતો જેમાં ભૂપેન્દ્ર પટેલને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવ્યા હતાં ભુપેન્દ્ર પટેલ સતત બીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. ત્યારે તેમના શપથ બાદ સભાગૃહ તાળીઓનો ગડગડાટ થયો હતો. તમામ લોકોએ સર્વાનુમતે વધાવ્યા હતા.મુખ્યમંત્રી ઉપરાંત ૮ કેબિનેટ, ૨ રાજ્ય કક્ષા (સ્વતંત્ર) અને ૬ રાજ્યકક્ષાના મંત્રીઓએ શપથ લીધા. ત્યારે કેબિનેટમાં એકમાત્ર રાજકોટ ગ્રામ્ય બેઠકના ભાનુબેન બાબરીયાનો મહિલા મંત્રી તરીકે સમાવેશ કરાયો છે. આમ, આગામી પાંચ વર્ષ માટે ભુપેન્દ્ર પટેલ ગુજરાતના કેપ્ટન અને બાકીના મંત્રીઓ ટીમ બનીને ગુજરાત પર રાજ કરશે. જેમાં કેટલાક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ છે. ભુપેન્દ્ર પટેલની આગેવાનીની સરકારમાં ૮ ચહેરા નવા સામેલા કરવામાં આવ્યા છે. બળવંતસિંહ રાજપૂત, મુળુ બેરા, પરષોત્તમ સોલંકી, બચુ ખાબડ, પ્રફુલ પાનસેરિયા, ભીખુ પરમાર, કુંવરજી હળપતિ, ભાનું બાબરિયા આ આઠ નવા ચહેરાઓ મંત્રીમંડળમાં સામેલ થયા છે. જેમાં એક માત્ર મહિલા ભાનુબેન બાબરિયા કેબિનેટમાં સામેલ થયા છે. તો ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, રાઘવજી પટેલ, જગદીશ પંચાલ, હર્ષ સંઘવી, કુબેર ડીંડોર, કુંવરજી બાવળીયાને રિપીટ કરવામાં આવ્યા છે. જેમાં કેટલાક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ છે. ભુપેન્દ્ર પટેલની આગેવાનીની સરકારમાં ૮ ચહેરા નવા સામેલા કરવામાં આવ્યા છે. બળવંતસિંહ રાજપૂત, મુળુ બેરા, પરષોત્તમ સોલંકી, બચુ ખાબડ, પ્રફુલ પાનસેરિયા, ભીખુ પરમાર, કુંવરજી હળપતિ, ભાનું બાબરિયા આ આઠ નવા ચહેરાઓ મંત્રીમંડળમાં સામેલ થયા છે. જેમાં એક માત્ર મહિલા ભાનુબેન બાબરિયા કેબિનેટમાં સામેલ થયા છે. તો ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, રાઘવજી પટેલ, જગદીશ પંચાલ, હર્ષ સંઘવી, કુબેર ડીંડોર, કુંવરજી બાવળીયાને રિપીટ કરવામાં આવ્યા છે.જયારે ભુપેન્દ્ર પટેલના અગાઉના મંત્રીમંડળના ૧૨ મંત્રીઓ કપાયા છે જયારે ૨ને ટિકિટ અપાઈ ન હતી અને એક હારી ગયા ગયા છે.અગાઉના મંત્રીમંડળમાંથી કપાયેલા ધારાસભ્યોમાં જીતુ વાઘાણી,પૂર્ણેશ મોદી, કિરીટસિંહ રાણા,અર્જુનસિંહ ચૌહાણ,જીતુ ચૌધરી,મનિષા વકીલ,નિમિષા સુથાર,ગજેન્દ્રસિંહ પરમાર,વિનુ મોરડિયા,દેવા માલમ,પ્રદીપસિંહ પરમાર, રાજેન્દ્ર ત્રિવેદી (તેમની પાસેથી મહેસુલ ખાતું અગાઉ પાછું ખેંચી લેવાયું હતું, જે ખાતું હર્ષ સંઘવીને સોંપાયું હતું.), બ્રિજેશ મેરજા (ટિકિટ ન અપાઈ), રાજેન્દ્ર ત્રિવેદી (ટિકિટ ન અપાઈ), કિરીટ વાઘેલા (ચૂંટણીમાં હારી ગયા)સામેલ છે

છેલ્લા ૨૭ વર્ષથી ભાજપની સરકાર છે..જેમાં નરેન્દ્ર મોદીથી માંડી આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણીથી માંડી ભૂપેન્દ્ર પટેલ સુધીના મુખ્યપ્રધાન શપથ લઈ ચૂક્યા છે. નરેન્દ્ર મોદી ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યપ્રધાન પદે રહ્યા. જેમાં તેમણે ૪ વખત શપથ લીધા..૨૨ મે ૨૦૧૪ના રોજ આનંદીબેન પટેલ મુખ્યપ્રધાન બન્યા.. ૭ ઓગસ્ટ ૨૦૧૬નાં રોજ વિજય રૂપાણી મુખ્યપ્રધાન બન્યાં. હવે ભૂપેન્દ્ર પટેલ બીજી વખત મુખ્યપ્રધાાન બન્યાં છે. ગાંધીનગરમાં નવા સચિવાલય પાસેના હેલિપેડ ગ્રાઉન્ડમા યોજાયેલી સોગંદવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપરાંત કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવત,છત્તીસગઢના વિપક્ષ નેતા નારાયણ ચંડેલ, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ મરાંડી, આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા, પ્રમોદ બોરો યુપીપીએલ, મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેનસિંહ,ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યા, ત્રિપુરાના ઉપમુખ્યમંત્રી જિસ્નુ દેવ વર્મા,તમિલ મનિલા કોંગ્રેસના પ્રમુખ જી કે વાસન,બિહારના વિપક્ષ નેતાઓ સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહા,ગોવાના મુખ્યમંત્રી ડો. પ્રમોદ સાવંત, ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા, અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ,સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ,રાજયસભાના સાંસદ ડો. કે લક્ષ્મણ,ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી રઘુવર દાસ, નાગાલેન્ડના ઉપમુખ્યમંત્રી યાનંથુન્ગો પેટ્ટોન, નાગાલેન્ડના મુખ્યમંત્રી નેઈફિઉ રીઓ એનડીપીપી,મહિલા અને બાળ વિકાસના કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની,કેન્દ્રીય મંત્રી રામદાસ અઠવાલે,સ્ટીલના રાજયકક્ષાના મંત્રી ફગ્ગન સિંહ કુલસ્તે,નેશનલ કમિશન ઓફ માઈનોરિટીઝના ચેરપર્સન ડો.ઈકબાલસિંહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુશ્કર ધામી, ઉત્તરપ્રદેશઁના સીએમ યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે,નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ હતાં.

## ગુજરાતના નવા મંત્રીઓના વિભાગોની ફાળવણી કરવામાં આવી

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલના બીજા કાર્યકાળની શરૂઆત થઈ ગઈ છે. આજે ભુપેન્દ્ર પટેલે રાજયના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતાં મુખ્યમંત્રીની સાથે આઠ કેબિનેટ મંત્રીઓ,બે રાજયકક્ષાના (સ્વતંત્ર હવાલો) મંત્રીઓ અને છ રાજયમંત્રીઓએ પોતાના પદના શપથ લીધા હતાં સોગંદવિધિ બાદ સાંજે છ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પહેલી મંત્રીમંડળની બેઠક મળી હતી આ બેઠક બાદ દરેક નવા મંત્રીઓને ખાતાની ફાળવણી કરી દેવામાં આવી છે જે નીચે પ્રમાણે છે.

★ ભુપેન્દ્ર પટેલ : મુખ્યમંત્રી,સામાન્ય વહીવટ,વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન ગૃહ અને પોલીસ હાઉસીંગ મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ,પંચાયત માર્ગ અને મકાન અને પાટનગર યોજના,ખાણ અને ખનિજ,યાત્રાધામ વિકાસ,નર્મદા અને કલ્પસર બંદરો માહિતી અને પ્રસારણ નશાબંધી અને આબકારી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો

★ કનુભાઈ મોહનભાઈ દેસાઈ, નાણાં ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ.

★ ઋષિકેશભાઈ પટેલ : આરોગ્ય પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ,ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ કાયદો ન્યાયતંત્ર વૈધાનિક અને સંસદીય બાબતો.

★ રાધવજીભાઈ પટેલ : કૃષિ પશુપાલન,ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ.

★ બળવંતસિંહ રાજપુત : ઉદ્યોગ લધુ શુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ કુટીર ખાદી અને ગ્રામોદ્યોગ નાગરિક ઉડયન શ્રમ અને રોજગાર.

★ કુવરજીભાઈ બાવળીયા : જળસપત્તિ અને પાણી પુરવઠા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો.

★ મુળુભાઈ બેરા : પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃતિઓ વન અને પર્યાવરણ કલાઈમેટ ચેન્જ.

★ ડો કુબેરભાઈ ડીંડોર : આદિજાતી વિકાસ,પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ.

★ ભાનુબેન બાબરીયા : સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ.

## રાજયકક્ષાના મંત્રીઓના ખાતા

★ હર્ષ સંઘવી : રમત ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન,બિન નિવાસી ગુજરાતી પ્રભાગ,વાહન વ્યવહાર ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ નાગરિક સંરક્ષણ જેલ સરહદી સુરક્ષા તમામ સ્વતંત્ર હવાલો ગૃહ અને પોલીસ હાઉસીંગ ઉદ્યોગ સાંસ્કૃતિક પ્રવૃતિ (રાજયકક્ષા).

★ જગદીશ વિશ્વકર્મા : સહકાર મીઠ ઉદ્યોગ છાપકામ અને લેખન સામગ્રી પ્રોટોકોલ તમામ સ્વતંત્ર હવાલો, લધુ શુક્ષ્મ અને મધ્યમ ઉદઘોગ કુટીર ખાદી અને ગ્રામોદ્યોગ નાગરિક ઉડયન (રાજયકક્ષા).

★ પરષોતમ સોલંકી : મત્સ્યોદ્યોગ અને પશુપાલન.

★ બચુભાઈ મગનભાઈ ખાબડ : પંચાયત કૃષિ.

★ મુકેશભાઈ પટેલ : વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ જળ સંપત્તિ અને પાણી પુરવઠા.

★ પ્રફુલ્લભાઈ પાનસેરીયા : સંસદીય બાબતો પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ઉચ્ચ શિક્ષણ.

★ ભીખુસિંહ ચતુરસિંહ પરમાર : અન્ય અને નાગરિક પુરવઠા સામાજિક ન્યાય અને અધિકારીતા.

★ કુંવરજીભાઈ હળપતી આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર ગ્રામ વિકાસ.

# ઠંડીમાં ઠુંઠવાવા તૈયાર રહેજો : કાલથી ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં તાપમાન ગગડશે



નવીદિલ્હી,

સામાન્ય રીતે હાડ થીજાવી દેનારો ડિસેમ્બરનો મહિનો હજુ સુધી એટલો ઠંડો રહ્યો નથી. હવામાન વિભાગની માનીએ તો હવે કડકડતી ઠંડી માટે લોકોએ તૈયાર થઈ જવાનું છે. આગાહી પ્રમાણે ટૂંક સમયમાં જ હવામાન યુ-ટર્ન લેશે. કાલ રાતથી બર્ફીલી હવાઓ ફૂંકાવાનું શરૂ થઈ જશે અને તાપમાન ઝડપથી ગગડવા લાગશે.

અત્યારે સવાર-સાંજ ફૂંકાઈ રહેલી ઠંડી બે-ત્રણ દિવસમાં પોતાનું વલણ બદલાવશે. હવામાન વિભાગનું અનુમાન છે કે કાલથી ઉત્તર-પશ્ચિમી બર્ફીલી હવાઓ ફૂંકાશે. આ સપ્તાહે પહાડો પર પશ્ચિમી વિક્ષોભ ઓછું થવાથી હવામાન યૂ-ટર્ન લેશે અને ન્યુનત્તમ તાપમાનમાં ઝડપથી ઘટાડો આવશે મતલબ કે ઠંડીમાં આપોઆપ વધારો થવાનો છે.

હવામાનની ચાલ ઉપર પશ્ચિમી વિક્ષોભની ખૂબ જ અસર પડતી હોય છે. દિલ્હી-એનસીઆરમાં આ પશ્ચિમી વિક્ષોભની અસર ઠંડીમાં વધારો કરશે. પહાડો પર બરફ વધુ પડશે તો મેદાની વિસ્તારોમાં વરસાદના પણ અણસાર છે. પશ્ચિમી વિક્ષોભને કારણે ઠંડીની મોસમ આવે છે. પશ્ચિમી વિક્ષોભની શરૂઆત મેડિટેરેનિયનથી જ થાય છે. ખાડી દેશોમાંથી પસાર થઈને તે અફઘાનિસ્તાન, પાકિસ્તાન સુધી જાય છે અને ત્યારપછી ભારતનો રસ્તો પકડે છે.

આ જ કારણથી સૌથી પહેલાં કાશ્મીરનું વાતાવરણ પલટાય છે અને ત્યારબાદ હિમાચલ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોનો વારો આવે છે. પહાડો ઉપર ખૂબ જ બરફવર્ષા થાય છે અને ઝડપી હવાઓ ફૂંકાવા લાગે છે જે મેદાની વિસ્તારો સુધી પહોંચે છે. બદલાઈ રહેલા હવામાનની અસર દિલ્હી-એનસીઆર ઉપરાંત હરિયાણા, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તરપ્રદેશ, ગુજરાત અને પશ્ચિમી મધ્યપ્રદેશમાં જોવા મળશે અને અહીં બે-ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી નીચે જઈ શકે છે. એકંદરે ડિસેમ્બરના અંતમાં લોકોએ આકરી ઠંડીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે.

# મોદીની હત્યા' માટે તૈયાર રહો... કોંગ્રેસ નેતાના વિવાદિત નિવેદનથી રાજકીય ભૂકંપ



નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી રાજા પટેરિયાનું એક અત્યંત વિવાદિત નિવેદન સામે આવ્યું છે. જેમાં તેઓ કથિત રીતે 'પીએમ મોદીની હત્યા' અંગે વાત કરી રહ્યા છે. આ નિવેદનનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. પૂર્વ મંત્રીના આ વિવાદિત નિવેદન બાદ રાજકારણ ગરમાઈ ગયું છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષે કોંગ્રેસ નેતા પર લોકોને ઉક્સાવવાનો આરોપ લગાવતા તપાસની માંગણી કરી છે. આ અંગે ભાજપે ફરિયાદ પણ નોંધાવી છે.

પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માએ પૂર્વ મંત્રી રાજા પટેરિયા પર પ્રહાર કરતા કહ્યું કે રાજા પટેરિયાના પીએમની હત્યા માટે જનતા અને કોંગ્રેસ કાર્યકરોને ઉક્સાવવા અત્યંત ગંભીર અને નિંદનીય છે. શું હાલમાં જ મધ્ય પ્રદેશથી નીકળેલી રાહુલ ગાંધીની 'ભારત તોડો યાત્રા'માં આ ષડયંત્રની તૈયારી થઈ? તેની તપાસ થવી જોઈએ.

રાજા પટેરિયાનો કથિત રીતે જે વીડિયો સામે આવ્યો છે તેમાં તેઓ પન્નાના પવઈમાં કેટલાક કોંગ્રેસ કાર્યકરોને સંબોધન કરી રહ્યા છે. તેઓ કહેતા નજરે ચડે છે કે દેશનું બંધારણ બચાવવું હોય, આદિવાસીઓને સુરક્ષિત કરવા હોય તો 'મોદીની હત્યા' માટે તૈયાર રહો. તેમણે કહ્યું કે આપણા દેશના રાજકારણમાં હવે સામંજસ્ય અને ભાઈચારાનો સમન્વયનો દૂર દૂર સુધી નાતો રહ્યો નથી. જો કે પછી તેમણે આ હત્યાનો અર્થ ચૂંટણીમાં હરાવવા એમ જણાવ્યું.

ભાજપના નેતા રાજપાલ સિંહ સિસોદિયાએ ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો. જેમાં કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી રાજા પટેરિયા કોંગ્રેસ કાર્યકરોને ભાષણ આપી રહ્યા છે અને પીએમ મોદી વિરુદ્ધ ભડકાવતા નજરે ચડે છે. તેમણે લખ્યું છે કે આ છે અસલ ચહેરો..પૂર્વ મંત્રી અને કોંગ્રેસ નેતા રાજા પટેરિયા મોદીજીની હત્યાનું નિવેદન આપી સમાજને વિભાજિત કરી ભડકાઉ ભાષણ આપી રહ્યા છે. આ ઉપરાંત અન્ય એક ભાજપ નેતા શેહજાદ પુનાવાલાએ પણ ટ્વિટર પર વીડિયો શેર કર્યો.

સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ પોતાની સફાઈમાં રાજા પટેરિયાએ એક વીડિયો પણ શેર કર્યો છે. જેમાં તેમણે જણાવ્યું કે જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તે કાર્ડ વિતરણ દરમિયાનનો છે. આ વીડિયોમાં મારા દ્વારા મોદીની હત્યાની જે વાત છે તે ખોટી રીતે પ્રદર્શિત કરાઈ છે. હું ગાંધીને માનનારો માણસ છું, હું આ પ્રકારની વાત કરી શકું નહી. તેમણે કહ્યું કે મારો અર્થ રાજનીતિક પરિપ્રેક્ષ્યમાં હતો. જ્યાં બંધારણ બચાવવા માટે મોદીને હરાવવા જરૂરી છે. અલ્પસંખ્યકોની, દલિતોની આદિવાસીઓની રક્ષા કરવા માટે અને બેરોજગારી હટાવવા માટે મોદીને હરાવવા જરૂરી છે. મારો આશય મોદીની હત્યાને લઈને બિલકુલ ખોટી રીતે રજૂ કરાયો છે.

## થર્ટી ફર્સ્ટને લઈ હવાઈ ભાડું પ્લેનની જેમ ઊડ્યું!

# ટિકિટનો ભાવ આસમાને, રાજસ્થાન, મુંબઈ, ગોવા, જમ્મુ હોટ ફેવરિટ, ભાડામાં ૩૬થી ૨૧૮%નો વધારો

અમદાવાદ,

દિવાળી, જન્માષ્ટમી કે પછી ગમે તે નાનો-મોટો તહેવાર હોય, ગુજરાતીઓ પહેલેથી જ ફરવાના શોખીન રહ્યા છે. થર્ટી ફર્સ્ટ નજીક આવી રહી છે ત્યારે રાજકોટવાસીઓએ અત્યારથી જ ફરવાના પ્લાન બનાવી લીધા છે અને બુકિંગ પણ હાઉસફુલ થવા જઈ રહ્યું છે. થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે ગુજરાતીઓ આ વર્ષે ગોવા, મુંબઈ, રાજસ્થાન, જમ્મુ સહિતનાં ડેસ્ટિનેશન હોટ ફેવરિટ બન્યાં છે. આ તમામ ડેસ્ટિનેશનનાં ભાડાંમાં ૩૬થી ૨૧૮ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાત બહારનાં રાજ્યોમાં થાઈલેન્ડ જેટલું ભાડું થઈ ગયું છે.

નવા વર્ષની ઉજવણી કરવાનાં આયોજનોનો ધમમાટ શરૂ થઈ ગયો છે. રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા સહિતનાં શહેરોમાં પાર્ટી-ડાન્સનાં આયોજન થઈ ચૂક્યાં છે. ત્યારે ગોવા, મુંબઈ, રાજસ્થાન સહિત અન્ય રાજ્યોમાં થર્ટી ફસ્ટની રંગીન ઉજવણી કરવાના શોખીનો માટે હવાઈ ભાડામાં જબરો વધારો નોંધાયો છે.

કોરોનાને કારણે બે વર્ષથી આયોજનો થયાં નહોતાં. લિમિટેડ સંખ્યાને કારણે જાજરમાન ઉજવણી અંગે આયોજકોમાં ચિંતા હતી, પરંતુ હવે કોરોનાનો ડર સંપૂર્ણ ખતમ થઈ ગયો છે. બીજી બાજુ કોરોના નાબૂદ થઈ ગયો હોય એમ થર્ટી ફર્સ્ટની રંગીન ઉજવણીના ઢગલાબંધ આયોજન થયાં છે. નવા વર્ષની ઉજવણી કરવા અને ક્રિસમસની રજાઓમાં અમદાવાદ ફરવા માટે લોકો દેશ-વિદેશમાં જતા હોય છે. ત્યારે ડોમેસ્ટિક ફ્લાઈટોની ટિકિટોના ભાવ વધી ગયા છે. એટલે નવા વર્ષની રજાઓમાં ફરવા જવા માટે ફ્લાઈટની ટિકિટ બુક કરાવનારા માટે માઠા સમાચાર છે. જો તમે ગોવા જવાનું વિચારતા હોવ તો એના ભાવ એ હદે વધી ગયા છે કે એ જ ટિકિટના ભાવે થાઈલેન્ડ જઈ શકાય છે.જો તમને કોચી જવાની ઈચ્છા હોય તો તેની જગ્યાએ દુબઈ જઈ શકશો, કેમ કે કોચીની ટિકિટના દર પણ દુબઈની ટિકિટ જેટલા જ છે. નવા વર્ષની ઉજવણીમાં ફરવા જવાનું વિચારતા હોવ તો ડોમેસ્ટિક ફ્લાઈટની ટિકિટના વધેલા દરને જોઈને તમે વિદેશ ફરવા જવાનું નક્કી કરી શકશો. ૩૦ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધીની ગોવાની રાઉન્ડ ટ્રિપ માટે પ્રતિ વ્યક્તિ રૂ. ૨૫ હજાર જેટલો ખર્ચ થઈ રહ્યો છે. જ્યારે થાઈલેન્ડ માટેનું ૨૯ હજાર થાય છે. હાલના ફ્લાઈટના દર અનુસાર કોચીની રાઉન્ડ ટ્રિપ બુક કરાવો તો રૂ.૩૪ હજાર છે. જ્યારે દુબઈ માટેનું રૂ. ૩૫ હજાર છે. જેસલમેર જવા માટે ૬,૯૧૮ રૂપિયાની ટિકિટ હાલ ૧૯,૭૨૮ રૂપિયામાં મળી રહી છે. આવી જ રીતે જમ્મુ જવા માટે પહેલાં ૮,૫૨૦ રૂપિયા ભાડું હતું, જે વધીને હાલ ૧૫,૮૪૧ રૂપિયા થયું છે.

## દેશની વધતી અર્થવ્યવસ્થાથી કેટલાક લોકોને ઈર્ષા થઈ રહી છે! નાણામંત્રી સીતારમણનું નિવેદન



નવીદિલ્હી,

લોકસભામાં કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે તે દુઃખદ છે કે સંસદમાં કેટલાક લોકો દેશની વધતી અર્થવ્યવસ્થાથી ઈર્ષ્યા કરે છે. ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે પરંતુ વિપક્ષને તેની સાથે સમસ્યા છે. ભારતના વિકાસ પર દરેકને ગર્વ હોવો જોઈએ પરંતુ કેટલાક લોકો તેને મજાક સમજી રહયા છે. ૭મી ડિસેમ્બરથી ચાલી રહેલા સંસદના શિયાળુ સત્રનો આજે ૫મો કાર્યકારી દિવસ છે.

સંસદના બંને ગૃહોની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યાથી ચાલી રહી છે. કેન્દ્ર સરકાર આ સત્ર દરમિયાન ઓછામાં ઓછા ૧૬ નવા બિલ પસાર કરવા પર વિચાર કરી રહી છે. શુક્રવારે રાજ્યસભામાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવા માટે પેનલ બનાવવાની માંગ કરતું વિવાદાસ્પદ ખાનગી સભ્યનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું. તે જ સમયે, ભારત-ચીન સરહદ મુદ્દે અને કર્ણાટક-મહારાષ્ટ્ર વિવાદ પર લોકસભામાં હંગામો થયો હતો.

## BSFએ પાકિસ્તાની ઘૂષણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો, હરામી નાળા પાસેથી ત્રણ પાકિસ્તાની માછીમારો ઝડપાયા

ભુજ,

બીએસએફે ભુજમાંથી રાતભર વિશેષ અભિયાન ચલાવીને હરામીનાળા પાસેથી ત્રણ પાકિસ્તાની માછીમારોને પકડી લીધા છે. ૧૧ ડિસેમ્બરે બીએસએફની ગસ્તી ટુકડીએ હરામી નાળા વિસ્તારમાં એક પાકિસ્તાની માછલી પકડનાર હોડી અને માછીમારોનની અવરજવર જોઈ આથી એવર્ટ બીએસએફની ટીમે તાકિદે ઘટના સ્થળે પહોંચી અને હોડી જપ્ત કરી લીધી હતી પરંતુ બીએસએફને પોતાની તરફ આવતા જોઈ માછીમારો હોડી છોડી પાકિસ્તાન તરફ ભાગવા લાગ્યા હતાં પરંતુ કઠોક અને પડકારજનક સ્થિતિમાં પણ બીએસએફે તેમનો પીછો કર્યો અને ત્રણ પાકિસ્તાની માછીમારોને પકડી લીધા હતાં

પકડાયેલા પાકિસ્તાની માછીમારોના નામ અલી અસગર પુત્ર લાલ ખાન ઉવ ૨૫,જાન મોહમ્મદ પુત્ર લાલખાન ઉવ ૨૭,બિલાલબલ પુત્ર ખમીસો ઉવ ૨૨નો સમાવેશ થાય છે આ તમામ પાકિસ્તાનમાં ઝીરો પોઈન્ટ ગામના નિવાસી છે. અલી અસગરને પહેલા પણ ૨૦૧૭માં બીએસએફે પકડયો હતો અને એક વર્ષ સુધી ભુજ જેલમાં રહ્યો હતો અને બાદમાં અટારી વાધા સીમાથી પાકિસ્તાન પાછો ગયો હતો. માછીમારોની પુછપરછ કરતા તેમણે કહ્યું હતું કે તેઓ માછલી પકડવા માટે આવ્યા હતાં કારણ કે આ તેમની આજીવિકાનું મુખ્ય સ્રોત છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર સુખી નદી કિનારે કરીયાણાની દુકાનમાં સુકા મેવા અને રોકડની ચોરી

સંતરામપુર,

સંતરામપુર સુખી નદીની બાજુમાં કરિયાણાની દુકાનમાં બીજી વખત ચોરી વીઆઈપી ચોર સુકોમેવો રોકડા રકમ અને મોબાઈલ ચોરી ગયા. સંતરામપુરના સુખી નદીની બ્રિજની બાજુમાં કરિયાણાની દુકાને આવેલી છે. આ દુકાનમાં વર્ષમાં બીજી વખત ચોરી થઈ દુકાનની ઉપર ચડીને બાખલું પાડી દુકાનમાં પ્રવેશ કરીને ચોરે સૂકો મેવો, કાજુ,બદામ, દ્રાક્ષ, બરણીયો ખાલી કરીને લઈને જતા રહ્યા. રોકડા રકમ અને મોબાઈલ પણ સાથે લઈ ગયા. સવારે દુકાનના માલિક આવીને દુકાન ખોલીને જોયું તો દુકાનની અંદર પોલું પડેલું હતું અને અંદર મુકેલો સામાન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

વિખરાયેલો હતો. આ ઘટના બનતા જ દુકાન માલિકે તાત્કાલિક પોલીસને જાણકારી પરંતુ મળતી માહિતી મુજબ આવી ચોરી જાણ ભેદો હોવાનું જાણવા મળી રહ્યો છે, એ સ્થળ ઉપર બીજી વખત બાખલુ પાડીને ચોરી કરી હતી. બાર વાગ્યા સુધી આ રોડ ઉપર સતત અવરજવર રહેતો હોય છે. મોટી સંખ્યામાં આ રોડ ઉપરથી ચાલવા જવા માટે સતત અવરજવર રહેતો હોય છે. તેમ છતાં આવા વિસ્તારોમાં પણ ચોરીના બનાવ બનતા સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. પોલીસ તંત્ર અને સઘન પેટ્રોલિંગ ન થવાના કારણે અનેક સવાલો ઊભા થયેલા છે. પોલીસ વિભાગ દ્વારા ચોરીની ઘટના અટકાવવામાં આવે અને વારંવાર ચોરીના બનાવો બનતા અટકે લોક માંગ ઉભી થયેલી છે. ચોરે પહેલી વખત દુકાનમાં ચોરી કરી તો નાનું બાફેલું પડેલું જ્યારે બીજી વખત ચોરી કરીએ તો મોટું બાખલું પડેલું જોવા મળી રહ્યું છે.

# "રૂદ્રનું અશ્રુ, ઘરતીમાએ ઝીલ્યું, બન્યું રૂદ્રાક્ષ."


જીજ્ઞા કપુરીયા (નિયતી)

એવી જ રીતે આ નિયતીની લાગણી સભર સંવેદનાના સૂર, એની કલમે કંડાર્યા અને આજે કાવ્યસંગ્રહ બની ગયો.

મારી સાહિત્યકાર બનવાની સફરની શરૂઆત તો શાળામાં હતી ત્યારથી થઈ ગઈ હતી.

આજે મારા ગાંધીસર અને માતા પિતાના આશીર્વાદથી સાહિત્યનાં એક પછી એક શિખર સર કરી લીધાં છે. હજી અનેક સિધ્ધિ મેળવવાની બાકી છે કારણ આ સફરનો કોઈ અંત જ નથી.

આજે હું સાહિત્ય જગતમાં જે સ્થાને પહોંચી છું, એમાં સમયાંતરે અનેક લોકોનો મને સાથ મળ્યો છે.

એમાં મુખ્ય સાથ મળ્યો એ છે કોકિલાબેન સુતારિયા મારા મોટીબેન જેમણે વિવિધ પેપરમાં મારી રચનાને સ્થાન અપાવ્યું. આજે હું કોલમિસ્ટ બની તો એમનો વધારે શ્રેય તો કોકિલાબેનને જાય છે એમના સાથ અને સહકારથી જ આજે હું સાહિત્ય જગતમાં નામના મેળવી શકી.

ત્યાર બાદ મને પંચમહાલ સમાચાર પેપરના સ્વ અજયભાઈ અને ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિકના પ્રદીપભાઈનો સાથ મળ્યો અને અમારાં દાદીશા જયબેન ગુરૂ રૂપે મળ્યાં.

મારી સંવેદના શબ્દરૂપે કંડારવામાં દાદીશાનું માર્ગદર્શન હંમેશાં મદદરૂપ થયું છે.

એમણે મને સાહિત્યની સમજ સાથે જોડણીનું જ્ઞાન પણ આપ્યું છે.

મારી 'કલમના કસબી પાઠશાળા'માં એમની સાથે મનીષભાઈ વોરાનો મને સંપૂર્ણ સાથ મળતો રહ્યો છે.

રહી પુસ્તકની વાત તો આ પહેલાં પણ મારૂ એક પુસ્તક ''જીવન રંગ'' પ્રસિદ્ધ થયેલું છે. જેમાં મેં જીવનની વાસ્તવિકતાની સમજ આપી છે.

હવે ફરી આ નિયતી તેની કલમે કંડારેલી લાગણીશીલ સંવેદનાના સૂર લઈને તમારી સમક્ષ પ્રસ્તુત થઈ છે.

મેં મારા આ પુસ્તકમાં મારાં માતાપિતા, દીકરી દીકરા, ભાઈબહેન, પિયરિયું મોસાળિયું, મારાં બાળપણનાં મિત્ર સાથે જયાં મારૂં બાળપણ વીત્યું, એ જગ્યાએ મિત્ર સાથેની ધીંગામસ્તી, સાથે જીવનસાથીના પ્રેમની વાત અને એક સ્ત્રી તરીકે એની વ્યથા, માનસિકતા અને સંબંધોનાં સમીકરણની વાત કરી છે. થોડી મારી એવી રચના પણ છે જ્યારે હું કવિતા લખતાં શીખતી હતી.

આ બધી રચનામાં મારી સૌથી પ્રિય મને ગમતી રચના છે, ''યાદ તો આવે ને...''અને ''હાલરડું''.

જેમાં મેં મારી માતાને યાદ કરી જે હવે હયાત નથી પણ, મારી યાદોમાં હંમેશ જીવંત રહેશે.

માતા સાથે પિતા માટે પણ કવિતા લખી છે એમાં પણ મારી મનગમતી કવિતા 'એ છે મારા પપ્પા''.

આ આવી લાગણીશીલ કવિતા તો અનેક લોકોનાં હૃદયને સ્પર્શી ગઈ છે.

એના મને લાભ અને ગેરલાભ બન્ને થયા.

લાભ એટલા માટે મારી રચના એટલી પ્રચલિત થઈ કે અનેક લોકોએ એનો અનુવાદ કરી મોકલ્યો. જેમાં પરેશભાઈએ મારી રચનાનો અનુવાદ તેલુગુ ભાષામાં કર્યો. અને જયભાઈ વસાવડાએ પણ મારી રચનાને એમના લેખમાં સ્થાન આપ્યું છે.

ગેરલાભ એ છે કે મારી આ સંવેદનશીલ રચના કેટલાંકનાં હૃદયને એટલી સ્પર્શી ગઈ કે એમણે પોતાનાં નામ સાથે ફેરવી અને ઘણાંએ પોતાનાં નામે પ્રસિદ્ધિની ભૂખ માટે છપાવી પણ લીધી.

મારી જૂની અને નવી રચનાનો સંગ્રહ એટલે મારૂં આ પુસ્તક ''યાદ તો આવે ને....''

હું જ્યારે ૧૯૮૧માં લખતાં શીખી ત્યારે શાળામાં બધી જ સાહિત્યિક સ્પર્ધામાં ભાગ લેતી અને વિજેતા પણ થતી.

એમાં સ્વ ગાંધીસરનો પૂરો સાથ રહેતો.

આજે મને ઘણાં મિત્રો સવાલ કરે છે કે જીજ્ઞાબહેન આટલી સંવેદના સાથે કેવી રીતે લખી શકો છો?

ત્યારે હું ફક્ત એટલું જ કહું છું ,''મારા ગુરૂનો સાથ અને માતા સરસ્વતીના આશીર્વાદથી જ્યારે હું લખવા બેસું છું તો શબ્દો આપોઆપ કંડારાઈ જાય છે.''

હજી મારે આગળ પણ ઘણું લખવું છે. જીવનના અંતિમ શ્વાસ સુધી લખવું છે કારણ આ નિયતીની નિયત છે લખવાની!

એટલે જ કદાચિત આ દુનિયામાં હયાત નહીં હોવ તો પણ મારી રચેલી રચનારૂપે તો તમારાં હૃદયમાં તો અમર થઈને રહીશ કારણ, આ નિયતીની કલમની શાહી કદી સુકાશે નહીં એ તો નિશ્ચિત છે.

આજે અનેક પેપરમાં મારી કોલમ આવે છે એમાં પણ, ''નિયતીની દ્રષ્ટિએ રામાયણ'' જેમાં મેં રામાયણનાં અલગ અલગ પ્રાત્રને મારી રીતે સમજાવવાની કોશિશ કરી છે અને એમાં હું સફળ પણ, થઈ છું. મારા મનગમતા લેખમાં સાચો ધર્મ, સમાજનો વિકાસ, વો ભી કયાં દિન થે, ફટાણાં, ચાલ સિસ્ટમ જે બહુ વખણાયા સાથે અલગ અલગ લોકોએ પોતાનાં નામે પણ કર્યો છે. તેમ છતાં સંતોષ એ વાતનો છે કે મેં સાહિત્યની સેવામાં મારૂ પૂરેપૂરૂ યોગદાન આપેલું છે અને આપતી રહીશ.

# રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં પાઈલટના સમર્થનમાં નારા લાગ્યા, હાથમાં કટઆઉટ પણ

બુંદી,

આજે ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધી સાથે માત્ર મહિલાઓ જ ચાલવાની હતી, પરંતુ મહિલા શક્તિ પદયાત્રાની શરૂઆત થયા બાદ હવે પુરૂષ યાત્રીઓ અને મહિલાઓ સાથે મળીને ચાલી રહ્યા છે. આ યાત્રામાં પ્રિયંકા ગાંધી અને તેમની પુત્રી મિરાયા પણ તેમની સાથે છે. પ્રિયંકા ગાંધી અને તેમની પુત્રી પણ રવિવારે સાંજે યાત્રામાં સામેલ થયા હતા. રાહુલની મુલાકાતમાં સચિન પાયલટના સમર્થકો કટઆઉટ લઈ રહ્યા છે.

રાહુલ ગાંધીની યાત્રામાં સેલિબ્રિટીઝ સતત જોડાઈ રહ્યા છે. રવિવારે અભિનેત્રી દિગંગના સૂર્યવંશી અને અભિનેતા સિદ્ધાર્થ તંબોલી રાહુલ ગાંધી સાથે યાત્રામાં જોડાયા હતા. આ પહેલા અભિનેત્રી સ્વરા ભાસ્કર મધ્યપ્રદેશમાં પણ યાત્રા પર ગઈ હતી. રાહુલ ગાંધીની યાત્રામાં અન્ય ઘણી અભિનેત્રીઓ અને કલાકારો પણ જોડાયા છે. જ્યારે, યાત્રા દરમિયાન, સચિન પાયલટના સમર્થકો તેમના કટઆઉટ લઈને ચાલી રહ્યા છે. પ્રવાસ દરમિયાન તેમના સમર્થકોએ પાયલટના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

ભારત જોડો યાત્રામાં ભાગ લેવા માટે નજીકના જિલ્લાઓમાંથી મહિલાઓ આવી પહોંચી છે. આ માટે કોંગ્રેસના આગેવાનોએ વિસ્તારવાર મહિલાઓને પદયાત્રામાં લાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

રાહુલ ગાંધીની સાથે યાત્રામાં આજે પ્રિયંકા ગાંધી અને તેમની પુત્રી મિરાયા પણ ચાલી રહી છે.રાહુલની સાથે અનેક વૃદ્ધ મહિલાઓ પણ ચાલી રહી છે. રાહુલ ગાંધીએ તેમની સાથે વાતચીત કરી હતી.મહિલાઓ લોક ગીતો ગાતા ગાતા



યાત્રામાં ચાલી રહી છે.

બુંદી જિલ્લાના કેશોરાઈપટનના બબઈથી સવારે ૬ વાગ્યે આ યાત્રા શરૂ થઈ હતી. રાહુલની યાત્રા સવારે ૧૦ વાગ્યે સવાઈ માધોપુરના ખંડેરના પીલવાડા ગામમાં પહોંચશે જ્યાં યાત્રા લંચ બ્રેક મળશે. લંચ બ્રેક બાદ બપોરે ૩:૩૦ કલાકે યાત્રા ફરી શરૂ થશે. યાત્રા સાંજે સાડા છ વાગ્યે ખંડેરના કુસ્તલા પહોંચશે, જ્યાં રાહુલ ગાંધી સભામાં સંબોધન કરશે આ યાત્રા ખંડેરના બેરીફ ખાતે રાત્રિ આરામ કરશે.

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે ભારત છોડો યાત્રા જાદુની છડી નથી. મેં ક્યારેય આ દાવો કર્યો નથી કે આ જાદુની છડી છે. કોઈ જાદુની છડી નથી. આ એક ગંભીર પ્રયાસ છે. તેને આગળ લઈ જવાનું કામ સંગઠનનું છે, આ યાત્રાને ફોલોઅપ સંગઠને કરવાની છે. સંગઠનની જવાબદારી બને છે કે તેને ફોલોઅપ કરે. જો સંગઠન તરફથી ફોલોઅપ નહીં થાય તો કંઈ થશે નહીં, અમે આવ્યા અને ગયા, તેની કોઈ અસર થવાની નથી. એટલા માટે અમે હાથથી હાથ જોડો અભિયાન શરૂ કર્યું છે.

રાજસ્થાન-હરિયાણા સરહદ પાર કર્યા બાદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં એક સપ્તાહનો વિરામ હશે. ૨૪મી ડિસેમ્બરથી ૨જી જાન્યુઆરી સુધી મુસાફરી કરો વિરામ હશે. રાહુલ ગાંધી પ્રવાસના વિરામના દિવસોમાં લોકસભામાં જઈ શકે છે. રાહુલ ગાંધીની યાત્રા હવે એવા વિસ્તારમાં છે જ્યાં સચિન પાયલટના સમર્થકો મોટી સંખ્યામાં છે. યાત્રામાં પાયલોટ સમર્થકોની સંખ્યા પણ વધવા લાગી છે. મુસાફરીની પાયલોટ સમર્થકો તેમની તરફેણમાં સૂત્રોચ્ચાર કરતા જોઈ અને સાંભળી શકાય છે. સીએમ અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે ચાલી રહેલી રાજકીય ખેંચતાણની અસર પણ જોવા મળી શકે છે.

# વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી પેનલ જ ચૂંટણી કમિશનરોની નિયુક્તિ કરે : કોંગ્રેસે ખરડો રજુ કર્યો

નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ મનિષ તિવારીએ ફરીવાર ચૂંટણી પંચની સ્વતંત્રતા અને સ્વાયત્તતાનો મુદ્દો ઉઠાવ્યો છે. તિવારીએ લોકસભામાં આ અંગે ચર્ચા કરવા માટે એક પ્રાઈવેટ મેમ્બર બિલ પણ રજૂ કર્યું છે જે વડાપ્રધાનની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચનાની માંગ કરે છે. આ સમિતિમાં વિપક્ષી નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશને પણ સામેલ કરવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત આ બિલ તમામ રજિસ્ટર્ડ રાજકીય પક્ષોની આંતરિક ચૂંટણી સહિત તમામ રાજકીય પક્ષોના આંતરિક કામકાજને વિનિયમિત કરવા માટે ચૂંટણી પંચને વધુ શક્તિ આપવાની માંગ કરે છે. મનિષ તિવારીએ તર્ક આપ્યો છે કે મોટી સંખ્યામાં રાજકીય પક્ષોની આંતરિક કાર્યપ્રણાલી અને સંરચાઓ અત્યંત અપારદર્શક થઈ ગઈ છે અને તેના કામકાજને પારદર્શક, જવાબદાર અને નિયમ આધારિત બનાવવાની જરૂર છે. આ ખરડામાં મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટરી કમિશનરો માટે છ વર્ષના નિશ્ચિત કાર્યકાળ અને ક્ષેત્રિય કમિશનરો માટે નિયુક્તિની તારીખથી ત્રણ વર્ષની પરિકલ્પના કરવામાં આવી છે. આ પ્રાઈવેટ મેમ્બર બિલમાં વડાપ્રધાન, ગૃહમંત્રી, વિપક્ષી નેતા અથવા લોકસભા અને રાજ્યસભા બન્નેમાં સદનના નેતા તેમજ ભારતના મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ જજને સામેલ કરવાની માંગ કરવામાં આવી છે.

# ચૂંટણીમાં કારમી હાર બાદ હવે કોંગ્રેસ મંથન કરશે, ૧૮૨ વિધાનસભા બેઠકના કોંગી ઉમેદવારોની ઝોન મુજબ બેઠક યોજાશે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ આજે કોંગ્રેસની સમીક્ષા બેઠકો યોજાશે. માહિતી મુજબ સાંજે ૪ કલાકે કોંગ્રેસના ૧૭ ધારાસભ્યોની બેઠક મળશે. મહત્વનું છે કે ઉત્તર ગુજરાત કોંગ્રેસના ઉમેદવારો સાથે પ્રમુખની બેઠક યોજાશે. ૧૮૨ વિધાનસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવારોની ઝોન મુજબ બેઠકો મળશે. હારના કારણો અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. ચૂંટણીમાં કોંગ્રસ ક્યાં નબળું પડ્યું એના તારણો કાઢવામાં આવશે. સમીક્ષા બેઠકમાં પૂર્વ પ્રમુખો અને પૂર્વ નેતા વિપક્ષો હાજર રહેશે.

કોંગ્રેસ પાર્ટી ગુજરાતમાં હંમેશાથી મજબૂત વિપક્ષ તરીકે રહેતી. ૨૦૨૨માં ગોધરા સમયે પણ કોંગ્રેસે ૫૦થી વધુ બેઠકો જાળવી રાખી હતી. આદિવાસી, લઘુમતિ તથા દલીત વિસ્તારો તથા અન્ય જાતિ અને શહેરોમાં પણ હંમેશાથી કોંગ્રેસના કમિટેડ વોટર્સ રહ્યા છે. અને એટલે દર વખતે એવરેજ ૪૦ ટકા આસપાસ કોંગ્રેસના પક્ષમાં મતદાન થતુ હતુ. જોકે તેમાં પણ ૨૦૧૭માં તો કોંગ્રેસે સૌથી વધુ ૭૭ સીટો જીતી હતી. એક સમયે સત્તાની ખુબ નજીક લાગી રહ્યુ હતુ કોંગ્રેસ પરંતુ તેવું કંઈ જ આ વખતે ના જોવા મળ્યુ. આ વખતે કોંગ્રેસ એક્સ્ટ્રા વોટ તો ઠીક પરંતુ પોતાના કમિટેડ વોટર્સને પણ ના સાચવી શકી.અને જેના કારણે કોંગ્રેસના વળતા પાણી થયા.

એક બાજુ ભાજપ એગ્રેસિવ રીતે જંગ લડી રહી હતી ત્યારે કોંગ્રેસમાં એટલો ઉત્સાહ નહોતો જોવા મળતો. ગામે ગામ જતા ચોક્કસ હતા પરંતુ તેનાથી કોઈ વેવ ઉભી ના થઈ. પાર્ટીને થોડા સમયમાં ખ્યાલ આવી જવો જોઈએ કે આ સ્ટ્રેટેજી કામ નથી કરી રહી. પરંતુ કોંગ્રેસ સ્ટ્રેટેજી બદલવાથી લઈને એગ્રેસિવ થવા સુધીના મામલામાં સતત નિષ્ક્રિય જોવા મળી હતી. ઘણા કારણોમાંથી આ પણ એક ઉડીને આંખે વળગે તેવુ કારણ છે.

# દૂધસાગર ડેરી કૌભાંડ કેસમાં જેલમાં બંધ વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર

અમદાવાદ,


આખરે વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર કરાઈ છે. કોઈપણ શરત વગર તેમના જામીન મંજૂર કરાયા છે. તેઓ દૂધસાગર ડેરીમાં ગેરરીતિ મામલે જેલમાં બંધ હતા. રાજ્યના પૂર્વ ગૃહ મંત્રી અને દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સામે ૮૦૦ કરોડના કૌભાંડનો આરોપ છે. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. વિપુલ ચૌધરીની ધરપકડ થતા સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચૌધરી સમાજમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યો હતો. વિપુલ ચૌધરી સામે દૂધસાગર ડેરીના ચેરમેન રહેવા દરમિયાન નિયમનું ઉલ્લંઘન કરી મિલ્ક કુલરની બલ્કમાં ખરીદી, ડેરીના ચેરમેન તરીકે હટાવાતા કરેલા કોર્ટ કેસનો ખર્ચ ડેરીમાં ઉમેરવો, ટેન્ડર વિના ડેરીના કામ કરવા, ડેરીના હોર્ડિંગ્સ ઊંચો ભાવ આપનારી કંપની પાસેથી મેળવ્યા સહિતના આરોપો હતા. તેમની પર કુલ મળીને ૮૦૦ કરોડનું કૌભાંડ આચરવાનો આરોપ મૂકાયો હતો. વિપુલ ચૌધરી ઉત્તર ગુજરાતના રાજકારણ અને સહકારી દૂધ મંડળી ક્ષેત્રે જાણીતું નામ છે. વિપુલ ચૌધરી એ મહેસાણામાં આવેલી દૂધસાગર ડેરીના સ્થાપક માનસિંહ ચૌધરીના પુત્ર છે. વર્ષ ૧૯૬૦માં દૂધ સાગર ડેરીની સ્થાપના થઈ હતી. વિપુલ ચૌધરી દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન છે અને હાલ કૌભાંડના આરોપ હેઠળ જેલમાં છે. જ્યારે આજે સુપ્રીમ કોર્ટ દ્વારા વિપુલ ચૌધરીની જામીન અરજી મંજૂર કરાઈ છે.

## કાબુલમાં ચીની હોટલ પર હુમલો

# લોકો જીવ બચાવવા બારીમાં લટકતા દેખાયા, મુંબઈ આતંકી હુમલાની યાદ અપાવી, ચીની લોકો નિશાને હતા

કાબુલ,

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં ચીની હોટલના નામથી પ્રખ્યાત એક રેસ્ટોરન્ટ અને ગેસ્ટ હાઉસ પર હુમલો થયો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, આ હોટલમાં ઘણા ચીની નાગરિક હાજર હતા. કેટલાક ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં હોટલના એક ભાગમાં આગ જોવા મળી રહી છે. તાલિબાન સરકાર કે ચીની દૂતાવાસે હજુ સુધી આ મામલે કંઈ કહ્યું નથી. રિપોર્ટ્સ અનુસાર-હોટલની અંદર કેટલાક ફિદાયીન હુમલાખોરો હાજર છે. આવી સ્થિતિમાં તાલિબાનના સુરક્ષા દળોને અંદર જવા માટે ઘણો સંઘર્ષ કરવો પડી રહ્યો છે. હોટલની અંદરથી ગોળીબારના અવાજો આવી રહ્યા છે. ચીનના ઘણા રાજદ્વારીઓ અવારનવાર અહીં આવે છે.આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ચીની રાજદૂતે શુક્રવારે કાબુલમાં પોતાના દૂતાવાસની સુરક્ષાને લઈને તાલિબાન અધિકારીઓ



સાથે વાતચીત કરી હતી. બે અઠવાડિયા પહેલાં પણ આ જ વિસ્તારમાં પાકિસ્તાનના દૂતાવાસ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાં એક પાકિસ્તાની રાજદ્વારી ઘાયલ થયો હતો. સોમવારના હુમલા વિશે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

રિપોર્ટ્સ અનુસાર, આ હોટલનું અસલી નામ શેર-એ-નો છે. અહીંથી થોડે દૂર એક ગેસ્ટ હાઉસ છે અને મોટાભાગે ચીનના નાગરિકો અને રાજદ્વારીઓ અહીં આવે છે. આથી આ હોટલનું નામ જ ચાઈનીઝ હોટેલ પડ્યું. આ બિલ્ડિંગમાં સ્નૂકર હોલ અને સ્વિમિંગ પૂલ જેવી સુવિધાઓ છે. હાલમાં આ હોટલમાંથી આગ અને ધુમાડો નીકળતો દેખાઈ રહ્યો છે.

એક પ્રત્યક્ષદર્શીના હવાલાથી કહ્યું - હોટલની અંદર જોરદાર બ્લાસ્ટ થયો. આ પછી આગ ફાટી નીકળી હતી. ચીન અને અફઘાનિસ્તાન વચ્ચે ૭૬ કિલોમીટર લાંબી સરહદ છે. તાલિબાન સત્તામાં આવ્યા બાદ અહીં ચીનીઓની અવરજવર વધી છે. ચીન અહીં મૂળિયાં ઉખેડવાની કોશિશ કરી રહ્યું છે. ચીન સરકારને ડર છે કે અફઘાન તાલિબાન અને આઈએસઆઈએસ ખોરાસાન જૂથ ચીનમાં ઉઈગર મુસ્લિમોને મદદ કરી શકે છે. આથી જિનપિંગ સરકાર તાલિબાન સરકારને ખુશ રાખવાના તમામ પ્રયાસો કરી રહી છે. થોડા દિવસો પહેલાં પાકિસ્તાનના દૂતાવાસ પર થયેલા હુમલાની જવાબદારી આઈએસઆઈએસના ખોરાસાન જૂથે લીધી હતી. ઓગસ્ટમાં અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક મસ્જિદમાં બ્લાસ્ટ થયો હતો, જેમાં ૨૦ લોકોનાં મોત થયાં હતાં. ટોલો ટીવીની ટેલિગ્રામ ચેનલ અનુસાર, કાબુલના ખૈરખાના વિસ્તારમાં આવેલી 'અબુબકીર સેદિક' મસ્જિદમાં મગરીબની નમાજ દરમિયાન વિસ્ફોટ થયો હતો. તાલિબાનના સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે કાબુલના પીડી-૧૭ વિસ્તારમાં થયેલા વિસ્ફોટમાં મસ્જિદના મૌલવી અમીર મોહમ્મદ કાબુલીનું પણ મોત થયું હતું. આ વિસ્તારની હોસ્પિટલ ઈમર્જન્સી એનજીઓએ જણાવ્યું કે ત્યાં ૫ બાળકો સહિત ૨૭ લોકોને દાખલ કરવામાં આવ્યાં છે. આ બાળકોમાંથી એક બાળક ૭ વર્ષનો પણ હતો.

અફઘાનિસ્તાનમાં ભારતીય દૂતાવાસને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. ઓગસ્ટ ૨૦૧૩માં જલાલાબાદમાં દૂતાવાસ પર હુમલો કરનારા ત્રણ આત્મઘાતી હુમલાખોરો માર્યા ગયા હતા. જેમાં અફઘાન સેનાના કેટલાક જવાનો પણ માર્યા ગયા હતા. તે દરમિયાન, અફઘાનિસ્તાનમાં ભારતીય રાજદૂત અમરસિંહાએ માર્યા ગયેલા અને ઘાયલ લોકો સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરી અને સુરક્ષા પ્રદાન કરવા બદલ તેમનો આભાર માન્યો એટલું જ નહીં, તેમની તમામ તબીબી જરૂરિયાતોનો ખર્ચ પણ ભારતીય દૂતાવાસ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. ૨૦૧૦માં કાબુલમાં બે ગેસ્ટ હાઉસ પર થયેલા હુમલામાં છ ભારતીયોનાં મોત થયાં હતાં. જુલાઈ ૨૦૦૮માં બ્રિગેડિયર અને બે આઈટીબીપીના જવાનો કાર બ્લાસ્ટમાં માર્યા ગયા હતા.અફઘાનિસ્તાનના બોર્ડર વિસ્તાર સ્પિન બોલ્ડકમાં થયેલા મોર્ટાર હુમલાના એક દિવસ બાદ હુમલો થયો છે. સ્પિન બોલ્ડક હુમલામાં ૪ લોકોના મોત થયા હતા અને ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સૂત્રોના અનુસાર ઈસ્લામિક અમીરાત અને પાકિસ્તાની સેના વચ્ચે સંઘર્ષ હજુ ચાલુ છે. તાજેતરમાં જ તાલિબાનના સત્તામાં પરત ફર્યા બાદ મોટી સંખ્યામાં ચીની વેપારીઓની અફઘાનિસ્તાન અવર-જવર શરૂ થઈ ગઈ છે. અફઘાનિસ્તાનની સથે ૭૬ કિલોમીટરની બોર્ડર શેર કર્નાર ચીને સત્તાવાર રીતે તાલિબાન સરકારને માન્યતા આપી નથી. તેમછતાં ચીન તે સિલેકટેડ દેશોમાંથી એક છે જેણે ત્યાં દૂતાવાસ બનાવી રાખ્યું છે. બીજિંગે અહીં દૂતાવાસ બનાવ્યું છે. સત્તા પરિવર્તન બાદ તાલિબાની શાસન સતત દાવા કરે છે કે તે નેશનલ સિક્યોરિટીમાં સુધારા માટે પગલાં ભરી રહ્યું છે પરંતુ તેમછતાં પણ ત્યાં બોમ્બ વિસ્ફોટ અને ગોળીબારીની ઘટનાઓ અટકી રહી નથી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. જો તમે કોઈ કામ માટે યાત્રા પર જાઓ છો તો તેમાં ફાયદો થશે અને તમારો હેતુ પૂરો થશે. કોઈ પણ કાર્ય કાળજીથી કરો.

વૃષભ : આજે દરેક બાબતમાં તમારા થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે.

મિથુન : આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે. પૂજા અને સત્સંગમાં તમારી રુચિ વધશે. નવા વ્યવસાય માટે નવી યોજનાઓ બનાવશો.

કર્ક : આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે.

સિંહ : આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે.

કન્યા : આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા ખરાબ કાર્યો સફળતામાં બદલશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે.

તુલા : આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો. સંતાન તરફથી તમને સંપૂર્ણ આનંદ અને સહયોગ મળશે.

વૃશ્ચિક : આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. બિનજરૂરી વિવાદથી મુક્તિ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે.

ધનુ : આજે ગ્રહોની રાશિ પર તમારી ખાસ કૃપા છે. આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે.

મકર : આજનો શુભ તમને કોઈ સારા સમાચાર સાંભળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે. ધાર્મિક કાર્યોમાં વધુ રસ રહેશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે. ડહાપણથી લીધેલા નિર્ણયો લાભ આપશે અને આજે તમારું મન ભગવાનની ભક્તિમાં વ્યસ્ત રહેશે. તમારા પ્રયત્નો અને આત્મવિશ્વાસ વધશે.

મીન : આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે. ઉત્કૃષ્ટ ચંદ્ર તમને અચાનક આજે કોઈ મહાન અધિકારીને મળવા માટે મદદ કરી શકે છે. ભવિષ્યમાં તમને તેનો ફાયદો થશે. સાંજે જમવા માટે સ્વાદિષ્ટ ખોરાક મળશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા ધારાસભ્યની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ વરણી થનાર હોવાથી કાર્યકરો ખુશી વ્યક્ત કરી

શહેરા,

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકેની વરણી આગામી દિવસોમાં થનાર હોવાથી કાર્યાલય ખાતે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ એકબીજાને મોં મીઠું કરાવીને ખુશી વ્યક્ત કરી હતી.બીજી વખત જેઠાભાઈની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે વરણી થશે.

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પાછલા ૬ ટર્મથી સતત જીત મેળવીને તાલુકાના વિકાસમાં તેમનો મહત્વનો ફાળો રહેલો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળની રચના બાદ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકેની વરણી આગામી દિવસો થનાર હોવાથી ભાજપમા અને પ્રજાજનોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી. કાર્યાલય ખાતે તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ દુધાભાઈ બારીઆ, પી.ડી.સી.બેંક ના ડિરેક્ટર મહેન્દ્ર સિંહ ડાભી, તાલુકા ભાજપ મહામંત્રી સંજયભાઈ બારીયા, નટવર સિંહ રાઠોડ, નગર ભાજપ પ્રમુખ અંબાલાલ વાળંદ અને ઉપપ્રમુખ બિપિન ભાઈ પ્રજાપતિ તેમજ ભાજપ અગ્રણી દિલીપભાઈ મહેરા, રમણભાઈ રાઠોડ સહિત ભાજપના તાલુકા પંચાયત સભ્ય, જિલ્લા પંચાયત સભ્યો તેમજ સરપંચો અને ભાજપ અગ્રણીઓ એ એકબીજાને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરીને ખુશી વ્યક્ત કરવા સાથે ફટાકડા ફોડતા દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં આ વખતની ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં એક માત્ર વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે શહેરા બેઠકના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વરણી કરવામાં આવશે, જેને લઈને જિલ્લાવાસીઓમાં તેમજ ભાજપ કાર્યકરોમાં પણ ભારે ખૂશીની લહેર છવાઈ જવા પામી હતી.




તસ્વીર : તુષાર દરજી, શહેરા

# વિધાનસભાની ચૂંટણીમાં ઘોઘંબા તાલુકાની સુરક્ષા માટે આવેલા આર્મી જવાનોનું ફૂલહાર થી સ્વાગત કરી વિદાય આપવામાં આવી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં હાલોલ અને કાલોલ વિધાનસભામાં આવતા સંવેદનશીલ બુથોની સુરક્ષા માટે આવેલા આર્મી જવાનો આજે રવાના થયા હતા. એસ.એચ.વરીઆ હાઈસ્કૂલના મેદાનમાં કેમ્પ લગાવીને રહેતા દેશના જવાનોને આજે શાળાના શિક્ષકો દ્વારા ફૂલહાર કરી તેમને વિદાય આપી હતી. આર્મી જવાનોથી પ્રેરણા લઈ શાળાના બાળકોમાં શિસ્તતાના સંસ્કાર નું સિંચન થયું હતું.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

સરહદની રક્ષા કરતા દેશમાં જવાનો ચૂંટણી દરમિયાન બનતા અનિશ્ચનીય બનાવોને ટાળવા અને દેશની જનતાની સુરક્ષા માટે ગ્રામ્ય વિસ્તારોના સંવેદનશીલ બુથો ઉપર ફરજ નિભાવ્યા બાદ આજરોજ આર્મીના મેજર જસવંત કુમાર તેમની બટાલીયન સાથે પરત જવાના રવાના થયા. ત્યારે શાળાના શિક્ષકે તેમને ફુલહાર પહેરાવી તેમને શાન સાથે વિદાય આપી હતી.

# ગોધરાના ધાણિત્રા ગામે ચુંટણીની અદાવતે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ધાણિત્રા ગામે ચુંટણીની અદાવતે ગામના એક વ્યકિતને ગામના જ કેટલાક ઈસમો દ્વારા માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

ધાણિત્રા ગામે સમય ફળિયામાં રહેતા વિજય કુમાર પરમારે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, તા.૦૫/૧૨ ચુંટણીના દિવસે તેઓ પોતે શહેરા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડના એજન્ટ તરીકે રહ્યા હતા. જેની અમારા ગામના ત્રણ જેટલા વ્યકિતઓએ અદાવત રાખી મારી પાસે આવી મને જણાવતા હતા કેમ તુ જેઠાભાઈ ભરવાડનો એજન્ટ બન્યો છે તેમ કહી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. આ સમયે અન્ય ચાર વ્યકિતઓ પણ તેઓ પાસે આવી જઈ તમામ વ્યકિતઓ ભેગા મળી અમને સાલો આપણા ગામનો થઈ જેઠા ભરવાડનો એજન્ટ બન્યો છે એટલે તને જીવતો નથી છોડવાનો આજે તો તુ બચીને કેવી રીતે જાય છે, તને તો તારા ઘર સાથે જીવતો સળગાવી દઈશુ તેવી ધમકીઓ આપી હતી. આ અંગે ગોધરા તાલુકા પોલીસ દ્વારા તમામ આરોપીઓ જેમાં અમરસિંહ ચૌહાણ, જીતેન્દ્ર ચૌહાણ, રાજેન્દ્ર પરમાર, પૃથ્વી ચૌહાણ, નરેન્દ્ર ચૌહાણ, જયપાલ ચૌહાણ અને પીનલ ચૌહાણ વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# હાલોલ ગાયત્રી નગરી પેટ્રોલ પંપ પાછળ જુગાર રમતા ૩ ઈસમોને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ જીઆઈડીસી ગાયત્રી નગર પેટ્રોલ પંપ પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમો ૨૧,૭૮૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ જીઆઈડીસી ગાયત્રી નગર પેટ્રોલ પંપ પાછળના ભાગે ખુલ્લામાં જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મહેન્દ્ર ભુપતભાઈ પુવાર, વિષ્ણુસિંહ કિરણસિંહ બામણીયા, કલ્યાણસિંહ ઉર્ફે કલુ છબીલદાસ પટેલને ઝડપી પાડવામાં આવ્યા અને અંગઝડતી તેમજ દાવ ઉપર મુકેલ રોકડ, મોબાઈલ ફોન–૩ મળી ૨૧,૭૮૦/–રૂપીયાની મત્તા કબ્જે લઈ આ બાબતે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# ગોધરા તાલુકાના રતનપુર રેલીયા ગામે કેનાલ પાસે બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલકનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના રતનપુર ગામે રેલીયા કેનાલથી આગળ રોડ ઉપર બાઈક ચાલક પુરઝડપે પસાર થતો હોય રોડ ઉપર સ્લીપ ખાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના રતનપુર રેલીયા કેનાલથી આગળ રોડ ઉપર થી બાઈક નંબર જીજે. ૧૭.સીડી. ૨૮૨૧ના ચાલક પોતાનું બાઈક પુરઝડપે હંકારી જતા હોય દરમિયાન બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક ચાલક શૈલેષભાઈ રમણભાઈ પટેલ પડી જતાં માથામાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી.માં ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના પ્રોહિબીશન ગુનાના ૧૦ વર્ષથી વોન્ટેડ આરોપીને LCB પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને એલ.સી.બી.પોલીસે ઝડપી તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહિબીશન ગુન્હામાં વોન્ટેડ આરોપી પંકજ ગોવિંદભાઈ લબાના (રહે. બાઘેલા સીમલવાડા, રાજસ્થાન) છેલ્લા ૧૦ વર્ષથી નાસતો ફરતો આરોપી હોય આરોપી અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, પંકજ લબાના ગુજરાતના બોટાદના સારંગપુર ખાતે જઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવીને ઝડપી પાડવામાં આવ્યો. આરોપીને તાલુકા પોલીસ મથકે આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યો.

# ગોધરા તાલુકાના લાકોડ મુવાડાના પોકસો હેઠળના ગુનાના આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાયેલ પોકસો એકટના ગુનાના કેસ કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૧૦ વર્ષ સજા ફટકારવામાં આવી.

ગોધરા તાલુકાના લાકોડના મુવાડા ગામના આરોપી ઈસમ સાહિલ છત્રસિંહ સોલંકીએ સગીર વયની યુવતિને પટાવી ફોસલાવી તેના વાલીપણા માંથી ભગાડી લઈ ગયો હતો અને સગીરા સાથે અવારનવાર બળાત્કાર કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી હતી. આ ગુનામાં આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. પોકસો કેસ પંચમહાલ જીલ્લા સ્પે.જજ તથા બીજા એડીશનલ જજ કે.આર.રબારીની કોર્ટમાં ચાલી જતાં રેકર્ડ પુરાવા અને સરકારી વકીલલ રમેશચંદ્ર ગોહિલની દલીલોને ધ્યાને લઈ નામદાર કોર્ટ દ્વારા આરોપી સાહિલ છત્રસિંહ સોલંકીને ૧૦ વર્ષથી સખત કેદની સજા અને ૫૦૦૦ રૂપીયાના દંડ ફટકારવામાં આવતાં આવા ગુનો આચરતા આરોપીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો.

# દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ડુંગરાળ વિસ્તારની શિક્ષિત બહેન દ્વારા તેના પહેલા પગારથી ગામની શાળાના બાળકોને તિથિ ભોજન કરાવ્યું

ફતેપુરા,

ફતેપુરા તાલુકાનુ ભીતોડી ગામ ઉંડાણ અને ડુંગરાળ વિસ્તારમાં આવેલું છે. તેમજ ગ્રામજનો મોટાભાગે ખેતીવાડી સાથે સંકળાયેલા છે અને મોટાભાગના ખેડૂતો માત્ર એક ફસલ ખેતી પાકોની ઉપજ મેળવે છે. પરંતુ ગ્રામજનોમાં સારી એવી જાગૃતિ હોવાનો અહેસાસ પણ થાય છે. સાથે–સાથે ગામમાં શિક્ષણની સ્થિતિ પણ સારી હોવાથી પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ આગળના અભ્યાસ માટે ગામના વિદ્યાર્થીઓ કોલેજ કક્ષાએ પણ સારી પ્રગતિ કરી રહ્યા છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાનું જીતોડી ગામ ડુંગર અને ઊંડાણ વિસ્તારમાં આવેલું છે. મોટાભાગે લોકો બહારગામ મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે અને આવા ઊંડાણ અને ગરીબ વિસ્તારમાંથી અર્પિતાબેન રમણભાઈ બારીયા જેવો બીએસસી બાદ એમએસસીના અભ્યાસ પૂર્ણ કર્યા પછી ગ્રામ સેવકની જગ્યાઓ ભરવા માટે જાહેરાત થતા ફોર્મ ભરી પરીક્ષા આપે છે અને પરીક્ષામાં દાહોદ જિલ્લામાં મેરીટમાં પ્રથમ ક્રમાંક મેળવી ગ્રામસેવકની નોકરી માટે પસંદગી પણ પામે છે અને જેઓને ઝાલોદ તાલુકાના વરોળ ગામે ગ્રામ સેવકની નિમણૂક મેળવતા ગામની શાળા સહિત ગ્રામજનો ગૌરવ વધારેલ હોવાનું જાણવા મળે છે. અર્પિતા બેન બારીયા તેના પહેલા પગારથી ગામની પ્રાથમિક શાળાના બાળકોને દાળ ભાત અને બુંદીનું તિથિ ભોજન કરાવી સમાજ માટે ઉદાહરણ રૂપ અને પ્રેરણા રૂપ કાર્ય કરેલ હોવાનું જાણવા મળે છે તેમજ અર્પિતાબેન બારીયાએ શાળાના બાળકોને સંદેશ આપ્યો હતો કે, ''મહેનતનું ફળ હંમેશા મળેજ છે. તમે પણ મોટા થઈ શૈક્ષણ ક્ષેત્રે આગળ વધો અને ગામનું નામ રોશન કરો''એવું આહવાન કર્યું હતું. જ્યારે શાળાના બાળકો ગ્રામજનો સહિત શાળા પરિવાર દ્વારા અર્પિતાબેન બારીયાને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોધરા નુતન પટેલવાડા સ્કુલમાં વિદ્યાર્થીએ શિક્ષિકાને ઝાપટ મારતા ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરમાં એક વિદ્યાર્થી દ્વારા ચાલુ સ્કુલમાં કલાસરૂમમાં આવી શિક્ષિકાને ગાલ ઉપર ઝાપટ મારતા પોલીસ ફરિયાદ નોંધાવવા પામી હતી.

ગોધરા શહેરના પટેલવાડા વિસ્તારમાં આવેલી નુતન હાઈસ્કુલ ખાતે ફરજ બજાવી રહેલા શિક્ષિકા કાનનબેન ત્રિવેદીએ ગોધરા શહેર બી–ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, જહુરપુરા શાકમાર્કેટ પાસેના વિસ્તારમાં રહેતા અને સ્કુલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ સ્કુલમાં આવી ચાલુ કલાસમાં બુમો પાડતો હતો. આ વિદ્યાર્થી રજા વગર કલાસમાં આવી જતાં શિક્ષિકા દ્વારા તેને આમ નહિ કરવા રોકવામાં આવતા વિદ્યાર્થીએ એકદમ ઉશ્કેરાઈ જઈ તેને શિક્ષિકાને ગાલ ઉપર લાફો મારી દઈ સ્કુલની વિદ્યાર્થીનીને ધકકો મારી નાસી ગયો હતો. આ બનાવ અંગે પોલીસ દ્વારા સમગ્ર મામલે ફરિયાદ નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનુ જાણવા મળેલ છે.

# ઘોઘંબાના વાવડીની મુવાડી ગામે દંપતિની બાઈકને એસ.ટી.એ અડફેટમાં લેતા પતિનુ મોત

ઘોઘંબા,

વાવડી મુવાડીના શૈલેષભાઈ હિંમતસિંહ ચૌહાણ શેરપુરા ગામે તેમની સાસરીયામાંથી પત્નિ સાથે બાઈક પર પોતાના ઘરે આવી રહ્યા હતા ત્યારે ઘોઘંબાથી ગોધરા તરફ જતી એસ.ટી.બસના ચાલકે બાઈકને પાછળથી અડફેટે લેતા બાઈક ચાલક શૈલેષભાઈ બસના પૈડા નીચે આવી જતા મોત નીપજ્યું હતુ. જયારે તેમના પત્નિ ઉછળીને દુર પડતા ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ મારફતે ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાતા ત્યાંથી વધુ સારવાર માટે હાલોલ રિફર કરવામાં આવ્યા હતા. શૈલેષભાઈના મૃતદેહને પી.એમ.માટે રેફરલમાં લઈ જવાયો હતો. અકસ્માતની જાણ રાજગઢ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

# ઝાલોદના લીમડીમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા દ્વારા તાલીમાર્થીઓને તાલીમ અપાઈ



દાહોદ,

દાહોદ જિલ્લા ઝાલોદ તાલુકાના લીમડી ગામમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (C. E. D) દ્વારા લીમડી તેમજ ઝાલોદ ની આસપાસ રહેતા લોકોમાં ધંધા, રોજગાર, વ્યવસાય શરૂ કરવા તેમજ ઔદ્યોગીક જાગૃતતા લાવવા માટેની તાલીમ લોકોને આપવામાં આવી.

જેમાં તાલીમાર્થીઓને સતત ૧૨ દિવસ સુધીની તાલીમ આપી હતી. જરૂરી ધંધાકીય માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. તેમજ દાહોદના ખરેડી ખાતે આવેલ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (G.I.D.C) ખાતે આવેલ વિવિધ ઉદ્યોગો, ફેકટરીઓની મુલાકાત લઈ તાલીમાર્થીઓને ઉદ્યોગોમાં કાર્યરત વિવિધ પ્રકારની મશીનરી તેમજ ત્યાંથી ઉત્પાદન થતી પ્રોડકટો વિશે સંપૂર્ણ માહિતી સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઝાલોદ તાલુકાના ભાજપના અસંખ્ય કાર્યકર્તાઓ ભૂપેન્દ્ર પટેલના શપથવિધિ સમારોહમાં હાજર રહ્યા



ઝાલોદ,

ગુજરાત વિધાનસભામાં જંગી બહુમતી મેળવ્યા બાદ આજે ભુપેન્દ્ર પટેલને ગુજરાતના રાજ્યપાલ દ્વારા આજરોજ ૧૨–૧૨–૨૦૨૨ નાં રોજ બપોરે ૨ વાગે વિજય મુહૂર્તમાં શપથવિધિ સમારોહ યોજાયો હતો. આ શપથવિધિ સમારોહમાં ખૂબ મોટા પ્રમાણમાં જનમેદની ઉમટી હતી. આ શપથવિધિ સમારોહ ગાંધીનગર ખાતે હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. આ શપથવિધિ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમિતશાહ સહિત ઉચ્ચ કક્ષાની તમામ ભાજપના બીજા રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. આ શપથવિધિ સમારોહમાં ૧૬ જેટલા મંત્રીઓએ શપથવિધિ લીધી હતી.

આ શપથવિધિ સમારોહમાં ઝાલોદ તાલુકાના નાના મોટા સહુ કાર્યકર્તાઓને આમંત્રણ મળતા મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ શપથવિધિ સમારોહમાં પહોંચી ગયા હતા અને ભાજપના ભૂપેન્દ્ર પટેલની સરકાર બનવાના સાક્ષી બન્યા હતા. સહુ કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ અને જોશ જોવા મળતો હતો.

# દાહોદ જિલ્લામાં ચુંટણી આચારસંહિતા પુરી થતાં કર્મચારીઓ બઢતી બદલીના કામો હાથ ધરાશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણીઓ સંપન્ન થઈ ગઈ છે ત્યારે ૧૦ ડિસેમ્બરે આચારસંહિતા ઉઠી જતા વહીવટની ગાડી પાટે ચઢશે. કર્મચારીઓની બઢતી બદલી જેવા કામો પણ હાથ પર લેવાશે ત્યારે વિવિધ અરજીઓનુ નિરાકરણની કામગીરી પણ શરૂ થઈ જશે.

દાહોદ જિલ્લામાં નાના મોટા છમકલાઓને બાદ કરતા ચુંટણી શાંતિપુર્ણ રીતે પુર્ણ થઈ જતા વહીવટી અને પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો છે. ચુંટણી માટે નવેમ્બરના રોજ જાહેરનામુ બહાર પડતાની સાથે જ સમગ્ર રાજયમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી જતા નવા વિકાસ કામોની જાહેરાતો, કર્મચારીઓની બઢતી બદલી વગેરે જેવી કામગીરી અટકાવી દેવી પડી હતી. અધિકારીઓને પણ વિધાનસભાની ચુંટણીમાં વિવિધ પ્રકારની જવાબદારીઓ સુપરત કરવામાં આવી હતી. તેને કારણે અરજદારોની સુનાવણીઓ, જમીન મિલ્કતના તકરારી કેસો જેવી દિવાની કામગીરી પણ રોકાઈ ગઈ હતી. હવે તા.૧૦ ડિસેમ્બરથી આચારસંહિતા ઉઠાવી લેવામાં આવતા આવી તમામ કામગીરી સુપેરે શરૂ થઈ જશે. સરકારી કચેરીઓમાં નો ઈલેકશન ફિવર પણ હવે દુર થતાં અધિકારીઓ અને કર્મચારીઓ વિવિધ ફાઈલો પરની ધુળ ખંખેરી કામગીરીમાં જોતરાવવાની શરૂઆત થઈ ગઈ છે.

# શહેરાના ગમન બારીયાના મુવાડા ગામે રહેણાંક મકાનમાંથી ૬૭ હજારનો દારૂ ઝડપાયો

શહેરા,

શહેરા પોલીસે ગમન બારીયાના મુવાડા ગામના એક રહેણાંક મકાનમાંથી રૂ.૬૭,૯૨૦/–ના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

શહેરા પોલીસ મથકના પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે સમય દરમિયાન બાતમીના આધારે તાલુકાના ગમન બારીયાના મુવાડા ગામે બારીયા ફળિયામાં રહેતો મુકેશ વિક્રમ બારીઆ તેના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરી રહ્યો હોઈ પોલીસે મુકેશ બારીઆના મકાનમાં તપાસ હાથ ધરતા ઓસરીના ખુણાના ભાગે દારૂની ૧૯ પેટીઓ મળી આવી હતી. જેને લઈ પોલીસે રૂ.૬૭,૯૨૦/–નો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો વેપલો કરનાર મુકેશ બારીયાને ઝડપી પાડ્યો હતો.